### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

## ‘ઉદ્યોગ સાહસિક બનવા શું કરવું જોઈએ ?’ વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ટીવાયબીકૉના રસ ધરાવતા ૬૦ જેટલા વિદ્યાર્થીઓ માટે ‘ઉદ્યોગ સાહસિક બનવા શું કરવું જોઈએ ?’ વિષય પર એક સેમિનારનું આયોજન ઍસ કે પટેલ ઍમબીએ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. યોગેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. પટેલે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક બનવા માટે અસરકારક કમ્યુનિકેશન સ્કીલ શીખવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે સુનીલ મિત્તલના ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું કે એક સામાન્ય આટ્ર્સ ગ્રેજ્યુએટ કઈ રીતે આજે ટૅકનોલૉજીના ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાને બિરાજમાન છે. આ ઉપરાંત તેમણે બિઝનેસ શરૂ કરવા માટે કઈ-કઈ આવશ્યકતાઓનું ધ્યાન રાખવું તેની પણ ચર્ચા કરી હતી. સાથે-સાથે સ્ટેન્ડ અપ, સ્ટાર્ટ અપ અને મેક ઈન ઈન્ડિયાની પણ અસરકારક છણાવટ કરી હતી.

સમગ્ર સેમિનારનું સફળ આયોજન પ્રૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમ માટે માર્ગદર્શન કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા આપવામાં આવ્યું હતું.

## બીસીએ અને પીજીડીસીએ કોલેજનો ૧૬મો વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૮

ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ અમને પીજીડીસીએ)નો ૧૬મો વાર્ષિક ઉત્સવ ખીમજી વીસરામ હોલ, સે-૨૩ ખાતે ભવ્યતાથી યોજાયો હતો. વાર્ષિક દિનની ઉજવણીમાં વિદ્યાર્થીઓને માત્ર મનોરંજન પીરસવા કરતા તેઓએ અલગ અલગ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓને બિરદાવાઈ હતી. આ કાર્યક્રમની શરૂઆત કોલેજના ડાયરેકટર ડૉ.સંજય એમ. શાહ દ્વારા વર્ષ દરમિયાન કોલજ દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓના અહેવાલ વાંચન સાથે કરવામાં આવી હતી. કોલેજના આ વાર્ષિક સમારોહમાં વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિઓ જેવી કે વર્ગમાં પ્રથમ સ્થાન, વર્ષ દરમિયાન ૧૦૦ ટકા હાજરી, વિદ્યાર્થીઓનું અલગ અલગ મલ્ટી નેશનલ કંપનીમાં પ્લેસમેન્ટ, રમત ગમત ક્ષેત્રે રાજય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ તેમણે મેળવેલી સિદ્ધિઆ, વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ તેમણે મેળવેલી સિદ્ધિઓ, કોમ્પ્યુટર ક્ષેત્રે ખુબ જ ઉપયોગી અને હાલમાં ઉચ્ચ માંગ ધરાવતા વિડીઓ મેકિંગ, વિડીઓ એડીટીંગ તથા ગેમ ડેવલપમેન્ટ જેવી સ્પર્ધાઓમાં પ્રથમ અને દ્વિતિય સ્થાન ધરાવતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સંસ્થાના નવીનતમ અભિગમ ‘ટેકનો આર્ટ બોર્ડ’ અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન પૃથ્વી, અગ્નિ, જલ, વાયુ અને આકાશ જેવા પાંચ હાઉસીસમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાંથી સર્વપ્રથમ આવવા બદલ વાયુ હાઉસને ફરતી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ભારતની ખ્યાતનામ સંસ્થાઓમાં જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેવા મોકલવામાં આવે છે અને આ જ ઉદ્દેશ્યથી કોલેજના ૨૨ જેટલા વિદ્યાર્થીઓને આઈઆઈટી મુંબઈ ખાતે કોલેજ તરફથી મોકલવામાં આવ્યા હતા જે પૈકીની એક વિદ્યાર્થીની અંકિતા દત્તાણીએ રાષ્ટ્રીય કક્ષાએ ડીજીટલ પેઈન્ટીંગમાં સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી યુનિ. અને કોલેજનું ગૌરવ વધાર્યું તે બદલ તેને પારિતોષિક આપીને તેનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગુજરાત હાયર એજયુકેશન અને બાઈસેગના સંયુકત ઉપક્રમે ચાલતા ‘સંધાન’ પ્રોગ્રામમાં ‘ટેકનોલોજીકલ ડ્રામા’નું પ્રસારણ સમગ્ર ગુજરાતની સરકારી, અર્ધ સરકારી તથા ખાનગી કોલેજોમાં કરવામાં આવ્યું જે લગભગ ૩૭૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું. કોલેજમાંઅભ્યાસ કરતા ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ આ ડ્રામામાં ભાગ લીધો હતો તેઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

### ઍસ્ટ્રોનૉમી ગૃપ ઑફ અમદાવાદ દ્વારા

## ૧૫થી ૧૭ એપ્રિલ દરમ્યાન અમદાવાદમાં સૌપ્રથમ વાર ‘ઍસ્ટ્રોનૉમી ફેસ્ટીવલ’ યોજાશે




ગાંધીનગર, તા. ૮

અમદાવાદમાં સૌપ્રથમ વાર ‘એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ’ નજીકના સમયમાં આવી રહ્યો છે. સૌ પ્રથમ એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ તા. ૧૫, ૧૬, ૧૭ એપ્રીલ, ૨૦૧૬ દરમ્યાન કોન્સેટેલેશન ગાર્ડન, સૂર્યમ રિપોઝ ખાતે યોજાઈ રહ્યો છે.

આ એસ્ટ્રોનોમી ફેસ્ટીવલને પ્રવચન બેઠકો, મોડેલ મેકીંગ વર્કશોપ્સ, ટેલિસ્કોપના ડેમોન્સ્ટ્રેશન, ફૂલ ડોમ ફીલ્મ શો, નાઈટ સ્કાય વોચીંગ જેવા કાર્યક્રમોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. પ્રસિધ્ધ વૈજ્ઞાનિકો બ્રહ્માંડ અને ગ્રહમંડળની કામગીરી અંગે ઉંડાણપૂર્વકની જાણકારી આપશે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં આ ફેસ્ટીવલ અંગેની વિગત આપતાં એસ્ટ્રોનોમી ગ્રુપ ઓફ અમદાવાદના પ્રેસીડેન્ટ અને એમેચ્યોર એસ્ટ્રેનોમર શ્રી ધનંજય રાવલે જણાવ્યું હતું કે સતાજેતરમાં માર્સ મિશનને સફળતા હાંસલ થયા પછી ભારતના લોકોમાં આઉટર સ્પેસ અંગેના કૂતુહલમાં અનેક ગણો વધારો થયો છે અને આ રૂચીને આગળ ધપાવીને એસ્ટ્રોનોમી ગ્રુપ ઓફ અમદાવાદ દ્વારા અમદાવાદમાં ત્રણ દિવસના ‘એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ’નું આયોજન કરવામાં આવ્યું છે. ‘એસ્ટ્રોનોમી ફેસ્ટીવલ’નો ઉદ્દેશ લોકોના કૂતુહલને સંતોષવાની સાથે સાથે તારા, ગ્રહો અને બ્રહ્માંડ સંબંધી દરેક બાબતે જાણકારી આપવાનો છે. આ ફેસ્ટીવલ એસ્ટ્રોનોમીમાં ઉંડી રૂચી ધરાવતા ૯ વર્ષથી માંડીને ૯૯ વર્ષ સુધીના લોકો માટે આનંદદાયક સમારંભ બની રહેશે.. આ પ્રસંગે ઈસરોના સિનિયર સાયન્ટીસ્ટ ડો. સી.એમ.નાગરાણી, ઈસરોના સિનિયર સાયન્ટીસ્ટ ડો.રમેશ પંડયા તથા એમેચ્યોર એસ્ટ્રોનોમર શ્રી તન્મય વ્યાસ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર સાહિત્ય સભાના આંગણે આગામી રવિવારે ડૉ. અંબાલાલ પ્રજાપતિનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા નિયમિત મળતી માસિક બેઠકમાં આગામી રવિવારે ડૉ. અંબાલાલ પ્રજાપતિનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સભાના સૅક્રેટરી સંજય થોરાત જણાવવામાં આવ્યું છે કે આગામી તા. ૧૦ એપ્રિલ ને રવિવારના રોજ નમન ઍપાર્ટમેન્ટ, સૅક્ટર-૨૧ ખાતે સાંજે ૫.૩૦ કલાકે સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને આયોજિત બેઠકમાં ગુજરાત સાહિત્ય અકાદમીનો સંસ્કૃત ભાષાનો ગૌરવ પુરસ્કાર મેળવનાર ડૉ. અંબાલાલ પ્રજાપતિનું વકતવ્ય ‘સંસ્કૃત કાવ્યશાસ્ત્રના સંદર્ભમાં ગુજરાતી કવિતા’ વિષયે યોજવામાં આવ્યું છે. સાહિત્ય સભાના સભ્યો તથા સાહિત્યમાં રસ ધરાવતા નાગરિકોને પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેવા સાહિત્ય સભા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમદાવાદના નેનો સાયન્ટીસ્ટ શિવમ ત્રિવેદીને લિમ્કા બૂક ઑફ રૅકોર્ડ્સમાં સ્થાન

### ઍન્ટી રિવર્સ ક્લૉક, ફાઈલ રૉબોટ, લીમડાના કચરામાંથી ફર્ટિલાઈઝર સહિતની બાબતોના સંશોધન માટે શિવમને લિમ્કા બૂકમાં આ સ્થાન મળ્યું




ગાંધીનગર, તા. ૮

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં રહેતા એક સામાન્ય પરિવારના ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થી શિવમ નરેન્દ્ર ત્રિવેદી નેનો સાયન્ટીસ્ટ તરીકે પણ આગવી ઓળખ ધરાવે છે, તેમણે લિમ્કા બૂક ઑફ રૅકોર્ડ્સમાં સ્થાન મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. અવનવી શોધ અને સંશોધન બદલ શિવમને લિમ્કા બૂકમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

લિમ્કા બૂકમાં શિવમ ત્રિવેદીએ રાજ્ય સરકારથી લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સંબંધિત સત્તાવાહકોને ગુજરાત અને દેશના વિકાસ સંબંધી સૂચનો કરી ઢગલાબંધ પત્રો લખ્યા અંગેની પણ નોંધ ખાસ લેવામાં આવી છે. માત્ર ત્રણ વર્ષની વયથી જ સાયન્સમાં રસ ધરાવતા શિવમે અનેક સંશોધનો કરી સાયન્ટીસ્ટ તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી છે.

ઍન્ટી રિવર્સ ક્લૉક, ફાઈલ રૉબોટ, લીમડાના કચરામાંથી ફર્ટિલાઈઝર સહિતની બાબતોના સંશોધન માટે શિવમને લિમ્કા બૂકમાં આ સ્થાન મળ્યું છે. શિવમે સાયન્સ ડેવલપમેન્ટ અને ઈન્વેશનને લગતા ૭૧ જેટલા પ્રૉજેક્ટ્સ પર કામ કર્યું છે, જે પૈકી તેને ૪૦થી વધુ મૅડલ્સ અને ૫૭ સર્ટીફિકેટ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત શિવમે અનેક સાયન્સ લૅક્ચર્સ યોજ્યાં છે અને ૧૬૦૦થી વધુ આવી બેઠકોમાં ભાગ લીધો છે તથા ૫૭ જેટલા વર્કશૉપ્સ-સૅમિનારમાં કામ કર્યું છે.

# કલોલના કંઠનો કિલ્લોલ..... મારું ચોમાસું ક્યાંક આસપાસ છે

### ‘અનિમેષ નયનેશ’ એની સુગંધનો દરિયો.... ગુજરાતી સુગમ સંગીતની સાંપ્રત પેઢીના સ્વરકાર નયનેશ જાનીની ષષ્ઠીપૂર્તિ અને પનઘટ કલા કેન્દ્રના ૧૫ વર્ષ પૂર્ણ કર્યાની અનમોલ ઘડીને સૂર-સંગીત-સજાવટ સાથે શબ્દોના સર્જકોના સાંનિધ્યમાં સન્માનવાનો સદાય સંભારણું બને એવો સદાબહાર કાર્યક્રમ યોજાયો




શ્રી નયનેશ જાની... એમના સંગીતમાં ઉત્સવ છે... એમના ગણપતિ ભીંતે ચિતરેલ પ્રસંગને આસપાસના ચોમાસાનો ભાસ આપે છે... આંધી વચ્ચે ઝૂરતા તણખલાના માણસને એ કોરા અષાઢ અને શ્રાવણનો પરિચય કરાવી, અંધારાના દીવાને અજવાળાની ફૂંક મારે છે... એ અત્તરમાંથી ફૂલોનું સંગીત જન્માવે છે... એવા સાંપ્રત ગુજરાતના સુપ્રસિધ્ધ સ્વરકારની ષષ્ઠિપૂર્તિ નિમિત્તે એક ભવ્યાતિભવ્ય એમને પોંખવાનો કાર્યક્રમ પનઘટ કલા કેન્દ્ર દ્વારા યોજવામાં આવ્યો.



પુરુષોત્તમ ઉપાધ્યાયે નયનેશ જાનીને ગુજરાતી ગીતોના આર ડી બર્મન ગણાવ્યા, એમના કંઠમાં ગુજરાતી ગીતોનો મેળો છે એમ કહીને એમને જીગરજાન સૂર અને કંઠનું પ્રમાણપત્ર આપ્યું... ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ એમને ગુજરાતનું ઘરેણું ગણાવીને કહ્યું, ‘કલોલના કિલ્લોલનો કંઠ ધરાવતા નયનેશ જાનીનું ગુજરાતી ગીત-સંગીત શિરમોર સમાન મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ભવ્ય સન્માન કરવાનો અવસર યોજાય એ ગાંધીનગર માટે ગૌરવની ક્ષણ છે.’

ગુજરાતનું સંગીત જેમના થકી દેદિપ્યમાન છે એવા સુપ્રસિધ્ધ ગાયક તથા સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસના હસ્તે ૬૦ કિલો ગુલાબના ફૂલોથી સજેલા હારથી સમગ્ર સ્વરસાધકો વતી નયનેશ જાનીનું ‘હેલ્લો જિંદગી’ના બૅક ગ્રાઉન્ડ સ્કોર સાથે સન્માન કરવામાં આવ્યું એ ક્ષણ ખરેખર ધન્ય હતી.



નયનેશ જાનીએ સ્વરબધ્ધ કરેલી શ્રેષ્ઠ ગઝલો અને સુંદર ગીતોના આલ્બમ સફર અને તું અને હુંનું લોકાર્પણ આ પ્રસંગે પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ, મહેન્દ્ર ત્રિવેદી, ભાગ્યેશ જહા, અંકિત ત્રિવેદી, કૃષ્ણકાન્ત જહા અને ભાવિન પટેલ દ્વારા કરવામાં આવ્યું.... આ આનંદના અવસરને માણવા પ્રેક્ષકોમાં કવિ તુષાર શુક્લ, સૌમિલ મુન્શી સહિત અનેક સંગીતજ્ઞ ઉપસ્થિત હતા...

‘એમના સ્વરમાં નવા ગુજરાતી સંગીતનો તરણેતરનો મેળો છે... એમનું સ્વરપણું મોરપિચ્છની મુલાયમતા વગાડતી વેણું છે, ગુજરાતનું ગૌરવવંતુ-થનગનતું ઘરેણું છે... એમને આપણે ઉજવવા છે... એમના સંગીતથી એમને જ ભીંજવવા છે...’ જેવી મીઠી મધુરી વાત સાથે કવિ અંકિત ત્રિવેદીએ કાર્યક્રમનો ભાવ સેતુ સાંધી લીધો... વર્ષોના ઉજાગરા જ્યારે જાગરણ બનીને આવે ત્યારે આવો પ્રસંગ ઉજવાય છે, સ્કૂલની પ્રાર્થનાથીત ગુજરાત ગૌરવ પુરસ્કાર સુધી નયનેશ જાનીની સ્વરયાત્રા મધુરી રહી છે.

એ પછી ફાલ મ્હાલ્યો સુંદર ગીતોનો. નયનેશ જાનીના સ્વરાંકનોની રજૂઆત કરવા નિશા-સોલી કાપડિયા, અર્ચના દવે, આનલ વસાવા, અભિતા પટેલ, દિવ્યાંગ અંજારિયા, ભૂમિક શાહ, પ્રહર વોરા અને સ્વયં નયનેશ જાની... બધાં જ એકાકાર થઈને મયુર દવેના સંગીત સંચાલનમાં ગાતાં રહ્યાં...

આ ગીતોની સુરાવલીમાં મનિષી રાવલ-બલ્લુ સિંધા (તબલાં), રિતેશ ઉપાધ્યાય-ગોપાલ બ્રહ્મભટ્ટ (ઢોલક), મનિષ કંસારા-દિપેશ ત્રિવેદી, મંત્ર ઉપાધ્યાય (ઑક્ટોપેડ), પાર્થ ઠક્કર-વાસુ ચાવડા (ગિટાર) અને શ્રેયાંસ દવે (વાંસળી) સંગીતની સંગત આપતા રહ્યા...

પનઘટ કલા કેન્દ્ર એના ૧૫ વર્ષ પૂર્ણ કર્યાનો પ્રસંગ પણ સાથોસાથ ઉજવતું હતું. પનઘટનો ગરબો ગુજરાત રાજ્યમાં તો પ્રથમ નંબરે આવ્યો જ છે, પણ છેક રાષ્ટ્રપતિ ભવનના રંગમંચ સુધી એની પ્રસ્તુતિ કરી આવ્યો છે. પનઘટના ભાવિન પટેલે આ ગરબાની સફળતાનો શ્રેય નયનેશ જાનીને આપ્યો જેણે આ ગરબાની રચના કરી છે... ગુજરાતના ગરબાને રાષ્ટ્રીય ફલક પર પહોંચાડનાર અનો ગાંધીનગરમાં ગરબાની પ્રવૃત્તિને ધમધમતી રાખનાર ભાવિન પટેલ ઉત્સાહનો દરિયો અને પ્રવૃત્તિની પાઠશાળા જેવા છે.

અનો એમની ઓળખાણ-વખાણ બનેલો ગરબો આ પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવ્યો : વાલમની વાત સૈયર મધમીઠી લાગે, છમ છમ છમ હું તો ગરબે ઘૂમું... એનાં ફોર્મેશન, કલાકારોના ડ્રેસિંગ - બધું જ અદ્‌ભૂત... આ સમગ્ર અનિમેષ નયનેશની સુગંધનો દરિયો કાર્યક્રમ, ભાવિન પટેલની સૂર-સંગીતની સાજ સજાવટની મહેંક વર્ષો સુધી અસરદાર રહેશે...

## જન્મદિને વધામણી



**બી જી પટેલ**
સભ્ય સચિવ
ગુજરાત ઉદ્યોગ ભવન સોસાયટી, ગાંધીનગર
મો. ૯૮૨૪૩ ૦૨૮૫૨



**બાબુભાઈ એમ પટેલ**
નિવૃત્ત ના.કા.ઈ. તથા યુનીટ ડાયરેક્ટર, જાયન્ટ્સ ઇન્ટરનેશનલ ફેડરેશન ૩ સી
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮



**શેફાલી તેજસ જાની**
ફોન : ૨૩૨૨૪૯૮૩



**મેઘ મેવાડા**
મો. ૯૮૨૫૫ ૬૪૨૬૬



**પર્વ કે શાહ**
ફોન : ૨૩૨૨૩૬૯૧

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કલબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૭.૦૦
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૬.૪૫